# બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ


બરછી કાર્યાલય C/o.ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

મે – ૨૫
જાન્યુઆરી–જૂલાઇ

વર્ષ : ૬૧ (છેલ્લું વર્ષ)

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫

'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે'
સંત શિરોમણી નરસિંહ મહેતાની
૬૧૭મી જન્મ જયંતી અવસરે ભાવસભર વંદના

## રૂબરૂ મળે...

એક એવી ક્ષણ મળે જયાં તું મને રૂબરૂ મળે
એમ યુગોની પ્રતિક્ષા ફળે કે તું મને રૂબરૂ મળે
ધર્મ ને કર્મની ગુંચવણો કેટલી કેમ સમજણ પડે?
ઉત્તરો અઢળક મળે જો તું મને રૂબરૂ મળે
તું સર્વત્ર, સર્વમાં સમાયો કેમ મન મારું કળે ?
વાત શ્રદ્ધાની તો ફળે જો તું મને રૂબરૂ મળે
ન તપ ન જાપ કે ન કોઇ તિરથ થયાં ને તોય
ભકિતની એવી તડપ ફળે કે તું મને રૂબરૂ મળે
હવે કવન કે સ્તવન માટે કયાં કોઇ શબ્દો મળે
બસ શરણ તારુ હરપળ મળે ને તું મને રૂબરૂ મળે

— મનોજ માંકડ,પોરબંદર.

## શ્રી સુધીર દેસાઇ 'એક્રેડિશન સર્ટિફિકેટ' થી બહુમાનિત

મૂળ વસાવડ ના અને ૧૯૬૨ થી ૧૯૮૫ સુધી રાજકોટ નિવાસ બાદ ગાંધીનગર સ્થાયી થયેલા શ્રી સુધીર દેવીપ્રસાદ દેસાઈ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાં ફરજ બજાવી, વર્ષ ૨૦૦૫માં ૫૩ વર્ષની વયે સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. નિવૃત્તિ બાદ તેઓ અનેકવિધ સેવા પ્રવૃત્તિઓમાં જોડાયા. સૌપ્રથમ ગાંધીનગર નિર્માણ અને વિકાસમાં અનન્ય યોગદાન આપનાર સેવાભાવી સજ્જન સ્વ. અરૂણભાઇ બુચના પ્રમુખ પદે કાર્યરત બિન રાજકીય એનજીઓ ગાંધીનગર વસાહત મંડળમાં કાર્યકર તરીકે જોડાયા અને સ્થાનિક સમસ્યાઓના ઉકેલના પ્રયત્નોમાં યથાશક્તિ યોગદાન આપ્યું ને આપી રહ્યા છે.

ઉપરાંત ત્યારથી જ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ કોર્ટની લોક અદાલત કન્સિલીએટર તરીકે સેવારત થયા. વર્ષ ૨૦૧૦ થી કોર્ટ તાલીમ લઈ પેરા લીગલ વોલેન્ટિયર તરીકે સક્રિય થયા. તેઓની કાર્યનિષ્ઠા ધ્યાનમાં લઈને ગાંધીનગરના તત્કાલીન પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા તથા વર્ષ ૨૦૧૧ થી ગુજરાત હાઇકોર્ટ અમદાવાદ દ્વારા મીડિયેટર (કોર્ટ બહાર સમાધાનકાર) તરીકે પસંદગી પામ્યા અને અસંખ્ય આમજનોના કેસોના કોર્ટ બહાર સમાધાન કરાવ્યાં. આજ દિન સુધી અવિરત ચાલતી આ નિષ્કામ સેવાકાર્યની નોંધ લઈને ભારતની નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં સુધીરભાઈને'એક્રેડિશન સર્ટિફિકેટ' આપીને બહુમાનિત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત તેઓ ગ્રાહક સુરક્ષા કમિશન ગાંધીનગર જિલ્લાની મીડિએટર પેનલ તથા ગાંધીનગર જિલ્લાની કૌટુંબિક વિવાદ સમજાવટ સમિતિના સભ્ય તરીકે પણ કાર્યરત છે. સુધીરભાઈ જ્ઞાતિ કાર્ય-પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રહ્યા છે, તેઓએ ૧૦ વર્ષ ગાંધીનગરના શ્રી વડનગરા નાગર મંડળના પ્રમુખ તરીકેનું સ્થાન શોભાવી મંડળને નવી ઊંચાઈએ પહોંચાડ્યું છે.

## ખ્વાબ અંતાણીએ રોલર સ્કેટિંગમાં રાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યો

તાજેતરમાં દિલ્હી ખાતે સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા SGFI, યુથ મિનિસ્ટ્રીના નેજા હેઠળ રમાયેલી ૬૮મી નેશનલ રોલર સ્કેટિંગ ચેમ્પિયનશીસમાં ખ્વાબ અંતાણીએ રાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યો છે. ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી રહેલા ખ્વાબે અન્ડર-૧૭ વયજૂથમાં ૩૦૦૦મી. રોડ રેસ ઈવેન્ટમાં ભાગ લઈ, આ રેસ માત્ર ૫:૪૦ના સમયમાં પૂર્ણ કરી ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. તદ્ઉપરાંત એપ્રિલ ૨૦૨૫માં રમાયેલી રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ ચેમ્પિયનશીપમાં બે ગોલ્ડ તેમજ એક સિલ્વર મેડલ સાથે છેલ્લા ત્રણ વર્ષથી સતત સ્ટેટ ચેમ્પિયન બનવાનું ગૌરવ હાંસલ કર્યું છે. અમદાવાદમાં કોચ ઈન્દ્રજીત રાજપૂત પાસે તાલીમ લઈ રહેલા ખ્વાબે ગત ડિસેમ્બરમાં મૈસૂર ખાતે યોજાયેલી ૬૨મી રાષ્ટ્રીય રોલર સ્કેટિંગ ચેમ્પિયનશીપમાં ગુજરાત વતી ભાગ લઈ બે સિલ્વર મેડલ મેળવ્યા હતા.

ખ્વાબ ૪૬મી ગુજરાત સ્ટેટ રોલર સ્કેટિંગ ચેમપિયનશીપમાં ત્રણ ગોલ્ડ મેડલ તેમજ સ્કુલ ગેમ્સ સ્ટેટ ચેમ્પિયનશીપમાં ત્રણ ગોલ્ડ મેડલ મેળવી સ્ટેટ ચેમ્પિયન થયા હતા. ઉપરાંત સીબીએસઈ બોર્ડ દ્વારા રમાતી સ્પોર્ટ્સ ગેમ્સમાં વેસ્ટ ઝોન લેવલ પર ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

## જ્ઞાતિને ગૌરવ :



રાજકોટ સ્થિત શ્રી હર્ષલભાઈ અરુણભાઈ હાથી અને અવનીબેન હ. હાથીનાં પુત્રી કુ. હેલી હાથી મારવાડી યુનિવર્સિટીમાં B Tech. (Computer Eng) ના ફાઇનલ વર્ષમાં ૧૦૦% (SGPA 10) ગુણ સાથે યુનિવર્સિટી માં પ્રથમ ક્રમાંક સાથે ઉત્તિર્ણ થયાં.

ચિ. હેલી, શ્રી અરુણભાઈ રમેન્દ્રરાય (રામભાઈ ) હાથી અને કોકિલાબેન અ. હાથીના પૌત્રી અને જૂનાગઢ સ્થિત સ્વ.ધનવંતરાય રતિલાલ માંકડ અને સ્વ.નીલામ્બરીબેન ધ. માંકડના દોહિત્રી થાય. અભિનંદન.

*** રાજકોટના શ્રી મેહુલ તથા શ્રીમતી નયના વૈષ્ણવનાં પુત્રી કુ.વિશ્વા BHMS ના ત્રીજા વર્ષના ડીસ્ટિંકશન- ૭૧% - સાથે ઉત્તિર્ણ થઈ પરિવાર સાથે જ્ઞાતિને પણ ગૌરવ બક્ષ્યું છે.

* * * ગોંડલ નિવાસી શ્રી સ્નેહલકુમાર જશવંતરાય હાથી અને શ્રીમતી કિરણબેન સ્નેહલકુમાર હાથીના પુત્ર હર્ષ હાથીએ નવસારી કૃષિ યુનિવર્સિટી ની અસ્પી બાગાયત મહાવિદ્યાલય માંથી શાકભાજી વિજ્ઞાન વિષયમાં ડૉ. એન. કે. પટેલના મુખ્ય માર્ગદર્શન હેઠળ પી.એચડી. ની પદવી પ્રાપ્ત કરી છે.



*** ગાંધીનગર: ચી. કાવ્યા હેમાંગ દેસાઈ પ્રથમ વર્ગ સાથે એમ.બી.બી.એસ થયાં.

## ધોરણ - ૧૨

સુકન્યા અદ્વૈત ધોળકિયા ૯૪% (CBSE) પાટણ

તનિષા હરસિધ્ધ વૈદ્ય ૮૭% (CBSE) ગાંધીધામ

મંત્ર સમીર અંતાણી ૯૬% રાજકોટ

અમદાવાદ :

ધરવ તૃશાંત જોષીપુરા ૯૨%

મંદાર કુંજન વસાવડા ૯૧% (CBSE)

રમ્ય નીરજ ઝાલા ૯૭% (સંત કબીર સ્કૂલમાં પ્રથમ)

## ધોરણ-૧૦

અમદાવાદ : ચિ. વરદા (મૂળ જુનાગઢ , હાલ અમદાવાદ સ્થિત શ્રીમતી નિષ્ઠા અને શ્રી પ્રશાંત બક્ષીનાં પુત્રી), ધો :૧૦ (GSEB, ગુજરાતી માધ્યમ)માં ૯૭.૫%સાથે ઉત્તીર્ણ થયાં.

તેણીએ ગણિત અને વિજ્ઞાનના વિષયમાં ૧૦૦/ ૧૦૦ ગુણ મેળવ્યા છે.

અમદાવાદ :

ધીમહિ સચિન માંકડ ૯૦% (CBSE)અમદાવાદ

કશ્તિ દ્વૈપાલ મહેતા ૮૮% (CBSE) અમદાવાદ

કેશવી તારક વસાવડા ૮૦% (CBSE)અમદાવાદ

હીર મિત્તલ વૈષ્ણવ ૭૬% (CBSE) અમદાવાદ

પ્રાન્જલિ હાર્દિક વોરા ૯૪% રાજકોટ

ખુશ અવધ માંકડ ૮૭% રાજકોટ

નમ્ય નિરવ માંકડ૯૪% CBSE વડોદરા

વારિ ઉત્કર્ષ બક્ષી ૯૦% વડોદરા

જન્મય વિપુલ અંતાણી ૯૫% ભુજ (કચ્છ)

વિશ્રુતિ સુમિત આચાર્ય ૮૨% (CBSE) પોરબંદર

વિશ્વા પ્રણવ ૯૩% વૈદ્ય જુનાગઢ

જિયા વોરા ૯૧% (CBSE) સુરત

આવતા અંકમાં પણ પરિણામો પ્રકાશિત કરવામાં આવશે. મો.નં. ૯૪૨૮૭૦૦૧૦૫ ઉપર વ્હોટસએપ કરશો

# ન્યુ જર્સી ખાતે ઉલ્લાસભેર હાટકેશ્વર પાટોત્સવ ઉજવાયો




ન્યુ જર્સી અમેરિકા ખાતે તારીખ ૨૬ એપ્રિલના રોજ ઇષ્ટદેવ શ્રી હાટકેશ્વર દાદાના પાટોત્સવનું આયોજન નાગર્સ ઓફ નોર્થ ઓફ અમેરિકા સંસ્થા દ્વારા વડતાલધામ મંદિર- સમરસેટ - ખાતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ શ્રી હાટકેશ્વર મહાદેવની પૂજા અર્ચનાથી થયા બાદ, સુશોભિત પાલખીમાં ધાર્મિક ઉત્સાહ ઉમંગ સાથે વડતાલધામના પરિસરમાં ઢોલના નાદ અને હાટકેશના જય જય કાર સાથે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રા બાદ, ગુજરાત- ભારતનું સાયબર સિક્યુરિટી ક્ષેત્રે નામ રોશન કરનાર બહુ યુવા રાજકોટના સર્વાંગ દેવર્ષિ પાઠકનું સંસ્થા વતી મિનલ નાણાવટી દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

પાટોત્સવના ધાર્મિક પ્રસંગને અનુલક્ષીને બાળકો દ્વારા શ્રી ગણેશ વંદના, શ્રી હાટકેશ્વરાષ્ટકમ, ગીતા શ્લોક પઠન, શિવ પંચાક્ષર સ્તોત્ર, પ્રાર્થના નૃત્ય, શિવ પાર્વતી મંગલાષ્ટકમ જેવી વિવિધ પ્રસ્તુતિ કરવામાં આવી હતી. પ્રસ્તુતિ કરનાર બાળ કલાકારોએ વિદેશની ધરતી ઉપર જ્ઞાતિ પરંપરા સુપેરે જાળવી છે તે ફલિત થયું. પ્રસ્તુતિ કરનાર આ બાળ કલાકારોને રાજેશ્વરી રાજીવ વછરાજાની દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન રિતી નાણાવટી, પારુલ દીક્ષિત તથા મીનલ નાણાવટીએ સુપેરે કર્યું હતું. નાગર્સ ઓફ નોર્થ અમેરિકાના આ કાર્યક્રમમાં અનુદાન આપનાર સૌ દાતાશ્રીઓનો નામોલ્લેખ સાથે ઋણ સ્વીકાર કરવામાં આવ્યો હતો. અઢી દાયકાથી સંસ્થાના પાયાથી જ તન મન ધનથી સક્રિય રહેતાં વંદનાબેન સુકુમાર મઝમુદારને શ્રદ્ધાંજલિ અર્પી એમના યોગદાનની શાબ્દિક વંદના કરવામાં આવી. અંતમાં દાદા ને થાળ ધરાવી અંદાજે ૨૦૦થી વધુ જ્ઞાતિજનોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

સંસ્થાના પ્રમુખ શ્રી ડો. શિવાંગ ત્રિવેદીની રાહબરી હેઠળ પારુલ દીક્ષિત, મિહિર મજમુદાર, મેહુલ મહેતા, ફોરમ વૈષ્ણવ, ઈશિત વછરાજાની, દર્શન મહેતા, ગૌરવ મહેતા, રીતિ નાણાવટી, દુલાલ ઓઝા, મિનલ નાણાવટી અને અનેક કાર્યકરોએ પાટોત્સવની ઉત્સાહ ઉમંગ અને ઉલ્લાસભેર ઉજવણીમાં યોગદાન આપ્યું હતું.

અહેવાલ : શ્રી રાજીવ વછરાજાની

---

રાજકોટ : આદ્ય કવિ સંત શિરોમણી શ્રી નરસિંહ મહેતાની ૬૧૭મી જન્મ જયંતી વૈશાખી પૂનમ તા. ૧૨ મેના રોજ હાટકેશજન રાજકોટ દ્વારા મહાનગરપાલિકા નિર્મિત રામકૃષ્ણ નગર ગાર્ડન સ્થિત કાંસ્ય પ્રતિમાને સારી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનો દ્વારા પુષ્પ વંદના કરવામાં આવી. વૈષ્ણવજનનું સમૂહ ગાન કરી સૌ છૂટા પડ્યા.

વડોદરા : ભક્ત કવિ નરસિંહ મહેતા ની ૬૧૭ મી જન્મ જયંતિ નિમિત્તે અત્રેના વુડા સર્કલ સ્થિત નરસિંહ મહેતાની પ્રતિમાને વડોદરાના મેયર કોર્પોરેટર તથા જ્ઞાતિજનો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી.

# એક આવા હતા અલગારી લોકવિજ્ઞાની...

એમનું નામ ભરતભાઇ મહેતા. મારા પપ્પાથી થોડાક જ વર્ષ મોટા. એક વાર એક જ એક 'આંબો' લઈ આવેલા એ મુજબ અમારા પિતૃપક્ષે એક ડાળી એમની. એટલે લોહીના સંબંધી થાય. પણ હું તો બચપણથી એટલે ઓળખું કે અમારી ઘેર એમનો નિયમિત આવરોજાવરો. ગોંડલ ભાડાનું મકાન. ભરતભાઈની અલગ અલગ ઘેર આંટો મારી ઉપયોગી થવાની સુટેવ. નિ:સ્વાર્થ ભાવે મેરેજ બ્યુરો જેવું કામ કરે. યોગ્ય ઠેકાણાનો મેળ પાડે. ઉપરાંત નેકી કી દીવાર જેવા મેસેજ ફોરવર્ડ થતા થયા એના દાયકાઓ પહેલા સુખી ઘેરથી કપડાં ભેગા કરી ઝૂંપડપટ્ટીમાં દેવા જાય. કાર તો આજીવન એમની પાસે નહોતી. એ ભલા ને એમની સાયકલ ભલી !

પરગજુ ને વાચાળ. અમારી ઘેર પપ્પા સાથે વાતો કરવા સાથે શિક્ષકો અધ્યાપકો ઉપરાંત નિયમિત બહુ ઓછા દોસ્તો આવે એમાં એક સ્વ. હિમંતભાઈ વૈદ્ય (આયુર્વેદના ઋષિતુલ્ય ઉપાસક) બીજા ડો. મનુભાઈ માત્રાવડિયા, ત્રીજા બગસરાના સ્વ. રાવતભાઈ વાળા ચોથા અંજારિયાસાહેબ અને પાંચમા આ ભરતભાઇ. ત્યારે ય માથે ટાલ. પણ એ ગોળાકાર મસ્તક અંદર ભેજું કોઈ સાયન્ટીસ્ટનું ! દર્શક જેમને લોકવિજ્ઞાની કહે એવા એ લોકવિજ્ઞાની. લોકો વચ્ચે જઈ લોકોને ગળે ઉતરે એમ લોકોને ઉપયોગી થાય એમ વિજ્ઞાન ભણાવે. ના ભણાવે નહિ પણ શીખવે ને રસ પેદા કરે. હું ઘેર ભણતો ને એ આવતા થયા ત્યારથી એમને એ પ્રયોગમાં ને એટલે મારામાં રસ પડ્યો. મારા મમ્મીપપ્પા બંને આર્ટ્સ-ફિલોસોફીના જીવ. મમ્મીનું ગણિત થોડું સારું. પણ વિજ્ઞાનમા એક ભુવનભાઈ પટેલ નામના શિક્ષક મને ઘેર આવી અમુક થિયરી સમજાવતા એ યાદ છે. પણ પ્રેક્ટિકલી મને સાયન્સમાં રસ લેતો કર્યો ભરતભાઈએ. એ રુચિ આજ પણ પ્રજજ્વલિત રહી એનો જશ એ કોડિયામાં પહેલું ઘી પુરી દીવો પેટાવવા માટે એમને.

ભરતભાઇ ઝાઝું ભણેલા નહિ. એમની આર્થિક સ્થિતિ ખરાબ. ત્યારનું મેટ્રિક પાસ કરી આઇટીઆઈ જેવો કોર્સ કર્યો. ને બહુ નાની પાયરીએ તત્કાલીન જીઇબી યાને વિદ્યુત બોર્ડમાં જોડાયેલા. પણ ખાંખતિયા જીવ. જાતે પ્રયોગ કરીને શીખે. ફંડામેન્ટલ્સ પાક્કા એમના. બાળકોને જાદૂઈ લાગતા પ્રયોગો નાટ્યાત્મક રીતે રજૂ કરી ખેલ બતાવતા મદારીની પેઠે માહોલ ઉભો કરે. અજાણી શેરીમાં ય કોઈ સંકોચ વગર શરૂ થઈ જાય. પછી એ પાછળનું વૈજ્ઞાનિક રહસ્ય સમજાવે ને ગૃહિણીને ય સાયન્ટિફિક થિન્કિંગ કરતી કરી દે !

પોતે પાણીકળા તરીકે કામ કરતા. એનું ય તાંબાના તાર ને વિદ્યુતચુંબકત્વથી પેટાળનું પાણી ઉકેલવાનું રહસ્ય એમણે સમજાવેલું. વાદળોનું વિજ્ઞાન ને ભેજનો ભેદ કે પ્રકાશની કુદરતી રમતો સમજાવનાર પણ એ. કથાકાર જેવી આગવી શૈલી. ઓલરેડી આકાશવાણી માટે એક નાટક લખેલું :" વીજળીદેવીની કથા ". પછી પોતે એ ગામેગામ ફરી તૈયાર કરાવી ભજવવા લાગેલા. ઈલેક્ટ્રીસિટી ને ફિઝિક્સ બાબતે આજે ય ઘટતું જીકે એ રીતે સામાન્ય માણસને ગળે ઉતરાવી દેતા ભારતના પ્રાચીન

વાર્તાવારસાના ઉપયોગથી ! મને એની હસ્તલિખિત સ્ક્રીપ્ટ ભેટ આપી ગયેલા.

પોતે ડિગ્રી ને કોઠાકબાડાના અભાવે ઊંચા પદે ન પહોંચ્યા. પણ સરળતા ને સજ્જતાનો એવો સંગમ કે એક વાર મારી ઘેર બેઠા હતા. મોબાઈલ તો શું લેન્ડલાઈન ફોન પણ બધા ઘેર ન હોય એ દિવસો 80ના દાયકાના. ને જીઈબીના સિનિયર એન્જીનિયર એમને શોધતા હતા ને મારી ઘેર તેડું આવેલું ! કોઈક ફોલ્ટ કે પ્રોજેકટ બાબતે મોટા સાહેબો ઓશિયાળા થઈ એમનું ગાઈડન્સ લેવા ઘેર આવતા ! ભરતભાઇ ટેક્નિશયનને વિડીયોગ્રાફર બનેલ એમનો વારસો જાળવનાર પુત્ર સતીશભાઈને નાનપણમાં ટાંચા સાધનોથી રોબોટિક રમકડાં જાતે બનાવી દેતા ! એમણે જાતે ટ્રાન્ઝિસ્ટર રેડિયો બનાવેલો એ મને યાદ છે.

એ ઉંમરે વિજ્ઞાનના કૂતુહલ ને કિમીયા માટે પુસ્તકો ઉપરાંત ભરતભાઇ મારુ દેશી ગૂગલ હતા. પછી હું કોલેજમાં જતો થયો એ પહેલા ભરતભાઇ રાજકોટ રહેવા ગયેલા. ત્યારે અમે રાજકોટમાં સારી જગ્યાએ જમીનવાળું મકાન લઈએ એ માટે આગ્રહપૂર્વક બહુ પ્રયાસો કર્યા. એસ્ટ્રોન સોસાયટીનું એક મકાન મારા મમ્મીને બહુ ગમેલું  પણ પૈસા જ નહોતા એ લેવાના.

ભરતભાઇ રાજકોટથી ય ગોંડલ આવતા. લિજ્જત પાપડના મોડલ પર ગ્રામીણ , ગરીબ, વિધવા, ત્યકતા કે અન્ય જવાબદારી સંભાળાતી બહેનો કામ કરી પગભર થાય એની સેવા પ્રવૃત્તિ એ લત. કોઈ બેનર નહિ. માત્ર મદદરૂપ થવા ઘસાવાનું. ક્યાંકથી લોનના ફોર્મ લઈ આવવાના. કોઈકને ભરી દેવાના ને ટેકો આપવાનો રૂબરૂ જઈને ભાંગેલા કોઈ પરિવારને એવું બધું. એમના દીકરા સતીશભાઈમાં પિતાના ગુણ ઉતર્યા છે,પારકી છઠ્ઠીના જાગતલ થવાના. એ ય ફેમિલી ફ્રેન્ડ. પૌત્ર સમર્થ પણ હવે તો જુવાન થઈ ગયો.

ભરતભાઈ પર ઉંમરની અસર તો થયેલી. બાકી એમનો યુટ્યુબ ઇન્ટરવ્યુ કર્યો હોત. ત્યાર કરતાં ય વિજ્ઞાન બાબતે આજના સમયમાં વધુ અંધારું છે ત્યાં એમની રોશની વધુ ઝબકારા પેદા કરત. મંદિરે જવા સિવાય બહુ બહાર નીકળતા નહિ. કોવિડ પહેલા 2019માં પપ્પાના જન્મદિને ખાસ બોલાવેલા ને બહુ રાજી થઈને જમવા આવેલા. આંખો એવી જ વિસ્મયથી ચમકતી. છાપું નિયમિત વાંચે ને સમાચારોની સોલ્યુશન શું હોઈ શકે એવી સમીક્ષા ય કરે. રસ્તા, પાણી ને ઉર્જાની સમસ્યા બાબતે બાપ-દીકરો અવનવા ઉકેલો ય વિચારે.

પિતા-પુત્ર બેઉને કોવિડ થયો. ભલે 88 વર્ષે કોઈની વિદાય થાય એ બહુ અફસોસની વાત ન કહેવાય. પણ અફસોસ એ થયો કે એમને સમયસર ઓક્સિજન ન મળ્યો ! બેડ તો મળતો નથી એટલે ઘેર જ હતા. પ્રયાસો પછી છેક ભાવનગરથી સિલિન્ડર મંગાવવામાં આવ્યો. પણ એ પહોંચે એ પહેલાં માત્ર ઓક્સિજનના અભાવે ઘણાને કોઈ હવા રાખ્યા વિના ઉડવા માટે પવન પુરનાર જીવનની કથા પર પડદો પડી ગયો.

પ્રણામ ભરતભાઇ.

~ જય વસાવડા

શ્રી જય વસાવડાએ ભરતભાઈના વ્યક્તિત્વનું હુબહુ ચિત્રણ રજૂ કર્યું છે.. અમારી જાણમાં તેમના માનવતાવાદી સંવેદન શીલ સ્વભાવ બાબતે થોડી નોંધ લઈને ભાવાંજલિ અર્પણ કરીએ..

પરમાર્થ અને પરોપકારનો પર્યાય એટલે ભરતભાઈ.. ખુશ મિજાજ-રમૂજી સ્વભાવના ભરતભાઈ સાથે આશરે ૩૦ વર્ષનો અમારો નાતો રહ્યો.. તેઓ જ્ઞાતિના જ નહીં સમાજ કલ્યાણના કોઈપણ યજ્ઞ કાર્યમાં પોતાનું યોગદાન આપતા રહ્યા. બરછીને પણ વર્ષો પર્યંત તેમની અમૂલ્ય નિસ્વાર્થ સેવાઓ મળી. ગોંડલથી રાજકોટ આવ્યા બાદ સવારે સાઇકલ ઉપર નીકળી પડે, નિશ્ચિત કરેલાં ૧૦-૨૦ ઘેર ઘેર પહોંચે, ત્યાંથી પ્રેસ-કાર્યાલયે આવે.. લવાજમ જમા કરાવે. નોટબુકમાં વર્ષ, નામ, ગ્રાહક નંબર સાથે નોંધ રાખે.. આવી તેમની ચોકસાઈ અને ચીવટ. પછી જાતભાતની વાતોનો ખજાનો ખુલે.. આયુર્વેદ ને ઘરગથ્થુ ઉપચારો, જ્ઞાતિની લગ્ન સમસ્યા, માન્યતાઓ, સમાજના પ્રશ્નો અને જાગૃતિ માટેના તેમના પ્રયત્નોની વાતોનો દોર જામે.

વિશિષ્ટ સેવાઓની નોંધ લઈએ તો.. સાન્તાક્લોઝની જેમ તેમના થેલામાંથી સ્વ ખર્ચે ખરીદેલા વિવિધ પુસ્તકો નીકળે,જે વાંચનના શોખીનોને ઘેરે જઈ તેમને ગમતા પુસ્તક આપે, વંચાય જાય એટલે પરત લઈ બીજાને આપે. આમ પુસ્તક પરબ ચલાવે. જરૂરિયાત મંદોને આપવા અન્યો પાસેથી મેળવેલાં કપડા નીકળે, તો ગરીબ બાળકોને આપવા માટે મેળવેલાં અને ખરીદેલા રમકડાં પણ નીકળે.

બાળકોમાં સંસ્કાર સિંચન થાય, સાહિત્ય વારસો સચવાય તે હેતુથી 'વિસરાતા બાળગીતો' નામક એક પુસ્તિકા પ્રકાશિત કરી વિના મૂલ્યે વિતરણ કર્યું. બાળકોને જાદુના ખેલ, જુદી જુદી ક્વિઝ રમતો દ્વારા ગમ્મત સાથે જ્ઞાનમાં વૃદ્ધિ કરાવે. અગાઉના સમયમાં વાયરમેન થવા, લેવામાં આવતી પરીક્ષામાં ઉપયોગી થાય તેવી માર્ગદર્શક પુસ્તિકા પ્રકાશિત કરી હતી.

પ્રજાના જાગરૂક પ્રહરી તરીકે, ઈલેક્ટ્રીકના મીટર ભાડા, રેલ્વે, પોસ્ટ, પાણી જેવા અનેક પ્રશ્નો અંગે દૈનિક પત્રોમાં ચર્ચા પત્રો લખે-વાચા આપે. જીઇબી માં કેટલાયને નોકરીમાં રખાવ્યા હશે. આકાશવાણીમાં કેટલાય ને 'ઇન્ટરવ્યુઅર' તરીકે લાભ અપાવ્યા હશે!

આમ બસ, સેવા જ પરમો ધર્મ. જેમાં અહંમ કે અભિમાન નહીં, માન-સન્માનની અપેક્ષા નહીં, નિષ્કામ ભાવની સાચી ભક્તિ! અનેક કસોટીઓ પણ આવી, તેમાં પણ નિશ્ચલ રહી, ધીરજથી સામનો કરી પાર ઉતરતા રહ્યા.

આવા કર્મઠ, ઉદાર ચરિત, નિજાનંદી ભરતભાઈ ને સાદર વંદન.

અંતમાં..મુ. ભરતભાઈ થકી પરસ્પર અમારા પારિવારિક સંબંધો ગાઢ બની જળવાઈ રહ્યા છે. સતિષભાઈએ પિતાશ્રીનો સેવા વારસો જાળવી રાખ્યો છે, વ્યક્તિ હોય કે સંસ્થા જ્યાં જરૂર હોય ત્યાં ખડે પગે હાજર હોય, જેની પણ અત્રે નોંધ લેવી ઘટે જ.

જ્યાં સ્વર્ગ ઓછા અંતરે છે,
એકાંત ચોગમ વિસ્તરે છે!
બુગ્યાલ,ઝરણાં,પહાડ, ચુપ છે,
દુશ્મન સતત કૈં મંતરે છે!
હરફર બધીયે મૌન થઇ ગઇ,
કો' સ્તબ્ધતા ત્યાં નીતરે છે!
નિર્મમપણે રહેંસી દીધેલાં,
ઘાટી મહીં દ્રશ્યો તરે છે!
સૌંદર્યને પરિભાષતું જે,
કલ્પાંત એની ભીતરે છે!
પ્રત્યેક જીવ ધિક્કારતો બસ,
હેવાનિયત નીચલા સ્તરે છે!
અટકળ,અપેક્ષા, શોર,અફવા,
'હેમા' શું ઈશ્વર અવતરે છે?

- હેમા ઉદય મહેતા.

<u>મહાન રાજનીતિજ્ઞ</u> (કકબ મે–૧૯૫૬માંથી)

# શ્રી ગૌરીશંકર ઉદયશંકર ઓઝા (સી.એસ.આઈ. ગગા ઓઝા)

જે મહાપુરુષો એ જીવનને માત્ર આહાર નિંદ્રા વગેરે ભમર વ્યાપારમય ન માનતા કોઈ ઉચ્ચ ઉદ્દેશ સિદ્ધ કરવાના સાધન રૂપ સ્વીકાર્યું છે તેઓના જીવન ચરિત્ર જન સમાજ માટે ઘણા જ ઉપયોગી બને છે.

**यचदाचरति श्रेष्ठ स्तत देवेतरो जन:** એ ન્યાયે એ શ્રેષ્ઠ પુરુષોના આચરણને લોક અનુવર્તે છે અને એ જીવન ચરિત્ર નું વાંચન એ મહાપુરુષોના શરીરનો અસ્ત થયા પછી પણ જનસમાજને પરમ કલ્યાણ માર્ગે દોરી જાય છે.મહાપુરુષો જે સહજ વાતચીત કરે છે તે જ શાસ્ત્ર થાય છે.

પૂ. ગગા ઓઝાનો જન્મ સને ૧૮૦૫ના ઓગસ્ટની ૨૧ તારીખે શ્રાવણ વદ ૧ સંવત ૧૮૬૧ના રોજ ઘોઘા મુકામે થયો. મહાન પુરુષ થવાને સર્જાયેલ બાળક જેમ બાલ્યાવસ્થામાં જ માતા કે પિતાનું છત્ર ગુમાવે છે તેમ ગગા ઓઝાએ પણ ફક્ત એક જ વર્ષની ઉંમરે માતૃસુખ ગુમાવેલ અને તેમના મોટાં બેનની સંભાળથી ઉછરવા લાગ્યા. પિતાશ્રી ની આર્થિક સ્થિતિ બહુ સારી ન હતી પરંતુ ધર્માભિમાન, સદાચાર શુદ્ધ વૃત્તિ વગેરે અમૂલ્ય સંપત્તિ પુત્રને વારસામાં મળી હતી. બાલ્યાવસ્થાથી જ 'ગગા' એ નામ એવું પ્રિય થઈ પડ્યું કે, તેઓ શ્રી ભાવનગર રાજ્યના દિવાન પદે પહોંચ્યા ત્યાં સુધી એ નામ અમર રહ્યું. ભાવનગરની જનતા પોતાના અમાત્યને ગગાભાઈ ના નામે સંબોધતી.

૧૩ વરસે તો પિતૃસુખ છિનવાયુ, પરંતુ મામા શ્રી તથા વડીલભાઈ વીણીલાલભાઈ પાસેથી મુત્સદ્દીપણાનું -રાજનીતિ- કાવ્ય રૂચી અને ધર્મ કર્મની જ્ઞાન સંપાદન કર્યું. એટલું જ નહીં પણ તેઓએ કર્તવ્ય પરાયણતા, દયા, સત્ય વગેરે સદગુણોના બીજ પણ એ વડીલો પાસેથી જ પ્રાપ્ત કર્યાં.

ગગાભાઈએ પોતાની કારકિર્દીની શરૂઆત તે સમયના ભાવનગરના મહાન મુત્સદ્દી શ્રી સેવક રામભાઈ દેસાઈ પાસે કારકુન તરીકે કરી. ૧૬ વર્ષની ઉંમર, માસિક સવા છ રૂપિયાનો પગાર, આ તેમના જીવનનો પ્રારંભકાળ. પરંતુ તેજસ્વીતા કોઈની ઢાંકી રહે છે? ગગા ઓઝાને દસકોઈનો વહીવટ સોંપાયો. છુપાયેલી તીવ્ર બુદ્ધિ રાજનીતિ ની પુણ્ય અને કાર્યશક્તિ ઝળકી ઊઠયાં. પરિણામે કે તીવ્ર બુદ્ધિના રાજનીતિજ્ઞ પુરૂષે ભાવનગર રાજ્યના ઠાકોરશ્રીને પોતાની કાર્યશક્તિ થી પ્રસન્ન કર્યા અને ઠાકોરશ્રીએ પોતાના રાજ્યને ગગાભાઈ જેવા દિવાન મળે છે તેમાં ગૌરવ અનુભવ્યું. ભાવનગર રાજ્યના દિવાન તરીકેની તેમને કાર્યશક્તિનો ખ્યાલ તો તેમણે ભાવનગર અને તેના ગામડાંઓ પરથી અંગ્રેજી હકુમતને હાંકી કાઢી કેટલાયે સમયથી રાજ્ય સામે ચાલતા બહારવટાનો અંત લાવી, અનેક મુશ્કેલીઓ ટાળી તેના પરથી જ આવે છે. પોતાને સંપૂર્ણ સ્વતંત્ર બનાવવાના મહત્વના કાર્યની કદર કરીને ભાવનગરના ઠાકોરશ્રીએ ગગાભાઈને વંશ પરંપરાગત 'તુરખા' ગામ ઇનામમાં આપ્યું.

સરકારી હુકુમત 116 ગામ પરથી ઉઠાવી લેવા માં જ તેમના કીર્તિવંત કાર્યોનો અંત આવતો નથી, પરંતુ દિવાનપદને શોભાવનાર એવું મહાન કાર્ય તેમણે ભાવનગરને એક આદર્શ રાજ્ય બનાવ્યું તે છે. ભાવનગરનાં બંદરને બહુ જ સરસ રીતે વ્યાપારને યોગ્ય બનાવ્યું. મહાલોની મુલાકાત લેતાં કુવા-વાવ

તળાવ વગેરેની ગોઠવણ કરાવતાં ખેડૂતોની સ્થિતિનું અવલોકન કરી તેમને પૂરતી સગવડતાઓઓ આપતા, મુસાફરો માટે ધર્મશાળા ચોરા વગેરેની સગવડો વિશે પણ ધ્યાન આપતા, ખેડૂતો પાસેથી લેવાતા કર આર્થિક સ્થિતિનો વિચાર કરી તે યોગ્ય છે કે નહીં તે વિચારતા. આમ પ્રજાની ઉન્નતિ માટે ગગાભાઈએ પોતાની કારકિર્દી દરમિયાન અવિરત પ્રયાસો કર્યા છે ભાવનગર થી વઢવાણ સુધી રેલવે માર્ગ એ એમના દ્રઢ નિશ્ચયને આભારી છે આ રીતે ગગાભાઈએ પોતાની રાજ ભક્તિનું પ્રામાણિકતા નું સ્પષ્ટ વક્તૃત્વનું અવિરત ઉત્સાહનું તથા એક નિષ્ઠ રાજ્યભક્તિનું રાજા પ્રજાને ભાન કરાવી ભાવનગરને કાઠીયાવાડનું એક આદર્શ નમૂનેદાર રાજ્ય બનાવ્યું.

આમ રાજ્ય અને પ્રજાની કલ્યાણકારી સેવા કરી ગગાભાઈએ ૧૮૭૯ માં પોતાના કુશળ વીચક્ષણ ભાણેજ રા. શામળદાસ ને રાજ્યનું આમાત્યપદ સોંપી સન્માનપૂર્વક વિશ્રાંતિ લીધી.

ભાવનગર ગગાભાઈની કદર કરે જ પરંતુ કીર્તિ ઠેઠ યુરોપ સુધી પ્રસરી હતી, અને મહારાણી વિક્ટોરિયાએ ગગાભાઈ ની રાજ્યભક્તિ જોઈ પોતાની પ્રસન્નતા દર્શાવતો સી.એસ.આઇ. નો સન્માન યુક્ત ઇલકાબ તેમજ ચાંદ અર્પણ કરેલો. આ એક મહત્વનો પ્રસંગ ગણી શકાય.

પૂ. ગગાભાઈ ના મિત્ર મંડળ તરફ દ્રષ્ટિ કરતાં પણ આપણને એમ લાગે જ કે તેઓએ પોતાની પ્રતિભા, ઓજસ, વિશાળ જ્ઞાન અને કાર્યદક્ષતાથી આવી મહાન વ્યક્તિઓને કેવી મોહિત કરી હતી. લોર્ડ એલ્ફિસ્ટન, સર જેમ્સ ફરગ્યુસન, લોર્ડ રે, કર્નલ લેન્ગ, કર્નલ બાર્ટન, કર્નલ વોટસન, જનરલ હેંનકોક,પ્રો. મેક્સમુલર(નામાંકિત સંસ્કૃતજ્ઞ) શ્રી દાદાભાઈ નવરોજી, દી.બ. મણીભાઈ જશભાઈ, ગોકુળજી ઝાલા વગેરે અનેક વિદેશી તેમજ હિન્દી મિત્રો શ્રી ગગાભાઈ સાથે પરિચય પામી પોતાની જાતને ધન્ય માનતા.

બ્રહ્મચર્યાશ્રમ બાદ ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્થ બાદ સંસાર માંથી નિવૃત્તિ લઈ સન્યાસ આશ્રમ તરફ વળવું, એ આપણી પ્રાચીન આર્ય ભાવના અનુસાર સોમવાર ૧૯૪૨ના અષાઢ માસની શુકલ અગિયારસને પવિત્ર દિવસે પોતાના શરીરની શિથિલતા જોતાં તેમજ આટલો લાંબો સમય જે સત્ શાસ્ત્રોનું શ્રવણ કર્યું તે નિષ્ફળ ન જાય તે માટે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શ્રી ગગાભાઈ એ સન્યસ્ત લીધું અને પૂજ્ય સચ્ચિદાનંદ સરસ્વતીના વધુ પુજાહ પવિત્ર સ્થાને વિરાજ્યા.

તા.૧૦ મી માર્ચ ૧૮૯૦ ના રોજ ઇંગ્લેન્ડથી પ્રિન્સ આલ્બર્ટ વિકટર હિંદની મુલાકાતે આવેલ ત્યારે તેમને ગગાભાઈ- જેઓએ તો સન્યસ્ત ધારણ કરેલ- તેમનાં દર્શન કરવા ખાસ સુચના અપાય હતી. અને એ પ્રમાણે તેઓ ગગાભાઈ ના નિવાસ્થાને આવેલા, જ્યાં ગગાભાઈની પૌત્રીઓએ સોના રૂપા ના પુષ્પથી પ્રિન્સ આલ્બર્ટને વધાવ્યા હતા. સ્વામીજીના પૂર્વાશ્રમના તેમજ સંન્યસ્ત અવસ્થાના ફોટા પ્રિન્સે માંગણી કરતાં આપવામાં આવ્યા હતા. આમ ગગાભાઈ ની ખ્યાતિ કેટલી પ્રસરી હતી, એટલું જ નહીં પરંતુ તેના તરફ યુરોપના મહાન પુરુષોને તેમના પ્રત્યે કેટલો પૂજ્ય ભાવ હતો તેનો ખ્યાલ આવે છે.

ગુણગ્ન હોઈ, કવિઓને ગુણીજનોનું આશ્રય સ્થાન, અનેક શિવાલય, ધર્મશાળાઓ, જળાશયો બંધાવનાર આ એક મહાન મુત્સદી વિદ્વાન ગગાભાઈ-સ્વામી શ્રી સચ્ચિદાનંદ સરસ્વતી- એ સં.૧૯૪૮

માગશીર્ષ સુદ ૧ મંગળવારે તા. ૧-૧૨-૧૮૯૧ના રોજ ૮૬ વર્ષ સુધી જનકલ્યાણના માર્ગે પ્રસ્થાન કરી પોતાની વૃત્તિઓને બ્રહ્મત્વમાં લીન કરી નશ્વર દેહોપાધિનો શાંતિપૂર્વક ત્યાગ કર્યો.

આવા મહાન રાજનીતિજ્ઞ, સમર્થ વિદ્વાન, અસાધારણ ગુણ સંપત્તિવાન, ધર્મશાસ્ત્રાનુસાર પોતાનું જીવન વ્યતીત કરનાર એક નાગર શ્રેષ્ઠ એવા શ્રી ગૌરીશંકર ઓઝા જ્ઞાતિબંધુઓને આદર્શરૂપ છે. રાજકીય મહત્તાપ્રાપ્તિની સાથે કેટલા સદગુણોનું મિશ્રણ હોવું જોઈએ અને તેને લીધે જ એ સ્થાન શોભે છે, તેનું સ્પષ્ટ દ્રષ્ટાંત છે.

અંતમાં ધર્મ વિશે તત્પરતા, વાણીમાં માધુર્ય, દાનમાં ઉત્સાહ, મિત્રો તરફ નિષ્કપટ ભાવના, નમ્રતા, ગાંભીર્ય, આચારમાં પવિત્રતા, શાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન, ઈશ્વર તરફ ભક્તિ આવા બધા જે સત્પુરુષોના લક્ષણ છે, તે સમગ્ર લક્ષણો એક જ સ્થાને પૂજ્ય ગગાભાઈ માં હતાં...ને એવા પ્રાતઃ સ્મરણીય પુરુષ આપણી છીન્નભીન્ન થતી જતી જિંદગી, સંસ્કારોને, પૂર્વજોની ધર્મભાવના, સદાચાર અને હાટકેશત્વ ને વિસ્મરતી આપણી જ્ઞાતિ ગંગાને સન્માર્ગે પ્રેરો અને જેથી ભવિષ્યમાં આવા મહાન પુરુષોથી જ્ઞાતિ શોભાયમાન થાય.

-અરવિંદ ધોળકિયા એમ.એ. રાજકોટ.

# "સંતોષ"

પપ્પા ના અવસાન બાદ ત્રણ વરસે અમારા વતન ના ઘેર આવવાનું થયું.મમ્મી -પપ્પા એ એમની સમગ્ર જીંદગી આ ઘરમાં પસાર કરી...ક્યારેક મારે ત્યાં આવતા..પણ થોડા દિવસો માટે જ.મહાનગરમાં રહેવું એમને ક્યારેય ફાવ્યું નહીં! બંને એમની રીતે આનંદથી વતન ના ગામમાં રહેતા..સંતોષપૂર્વકનું જીવન જીવતા હતા...

ચાર વરસ પહેલાં મમ્મી નું અવસાન થઈ ગયું...

...." પપ્પા,અત્યાર સુધી તમને મમ્મી નો સાથ હતો..પણ હવે એકલા નથી રહેવાનું...શૈલ પણ તમને બહુ યાદ કરતો હોય છે..હવે તો એ પણ મોટો થઈ ગયો છે અને હા..ક્રિકેટ નો પણ રસિયો છે.. તમારી જેમ! તમારો સમય પસાર થઈ જશે.."-- મેં ભારપૂર્વક પપ્પા ને સમજાવ્યા.

..." મને મોટા સિટી માં નહીં ફાવે,ભાઇ! હું ભલો અને મારું આ ગામ ભલું! હજુ જાત પણ સારી ચાલે છે.રસોઈ કરવા માટે તો તારી માં હતી ત્યારે પણ લલીતાબેન આવતા જ હતા ને?!બગીચામાં ચાલવા જાઉં ત્યારે અને મંદિરે દર્શન કરવા જાઉં તો ત્યાં પણ મારા દોસ્તોની કંપની મળી રહે છે.તું નાહક ની ચિંતા ના કર! ..."-- પપ્પા પોતાની વાતમાં અડગ હતા!

..."પણ..પપ્પા,તમને તો ખ્યાલ જ છે..આપણા ફ્લેટ ની નજીક જ સરસ ગાર્ડન છે..વોકિંગ - વે છે.થોડે દૂર મંદિર પણ છે જ ને!તમને કંટાળો નહીં આવે..અને પપ્પા,તમારો સ્વભાવ એવો છે કે ત્યાં પણ થોડા દિવસોમાં તમારે નવા દોસ્તો બની જશે!.."-- મેં આગ્રહ ચાલુ રાખ્યો.

"ચાલ..વચ્ચેનો રસ્તો કાઢીએ.. છ મહિના તારે ત્યાં..અને છ મહિના અહીં..બસ? રાજી?..''-- પપ્પા એ નિર્ણય સુણાવ્યો..

પણ..મમ્મી વગર જીવવું એમને એક વરસ થી વધુ સમય ના ફાવ્યું..અને..આજે ત્રણ વરસ પણ વહી ગયા!..સમય ને પસાર થતાં ક્યાં..?...

' સમય ' શબ્દ મન માં ઉચ્ચારતા જ મારી નજર ડ્રોઈંગ રૂમની દિવાલ પર પડી..બ્લેક ડાયલ વાળી એ વોલ કલોક!..ખરીદી કરી ત્યારે તો આ પ્રકારની ઘડિયાળ માર્કેટમાં હજુ પ્રવેશી જ હતી! પ્રતિ કલાકે ટકોરા વાગવાને બદલે એક નાનકડું પક્ષી ઘડિયાળ માં રહેલી વિન્ડો માંથી બહાર આવે ને સમય દર્શાવતો મીઠો ટહુકો કરે!.. પપ્પા પણ ઘેર આવેલા મહેમાનો ને ગૌરવપૂર્વક ઘડિયાળ બતાવે અને ખુશ થાય!..


...ઘડિયાળ હજુ પણ દિવાલ ઉપર એના સ્થાને જ હતી..નાનો કાંટો ' છ ' ઉપર અને મોટો કાંટો ' બે ' ના આંકડા ઉપર!..બંને કાંટા કોણ જાણે કયા દિવસે સ્થિર થઈ ગયા હશે?!ઘડિયાળમાં રહેલું નાનકડું પક્ષી પણ કદાચ સુઈ ગયું લાગે છે!..એનો મીઠો ટહુકો સાંભળનાર,આ ઘર ના બે નિવાસીઓ પણ હવે ક્યાં રહ્યા હતા? એ બંને પણ પોઢી ગયા હતા..ચિરનિદ્રામાં.

મારી સ્માર્ટ વોચ પર નજર પડી.. સવારના દશ વાગ્યા હતા!.. એ હજુ તો ચાલે છે!.. અને...સ્માર્ટ વોચ માં પક્ષી નથી હોતું!

આ ઘડિયાળ તો હું મારી સાથે ઘેર લઈ જ જવાનો છું... નાનકડું પક્ષી ચોક્કસ ફરી જાગૃત થશે.. હવે એ મને સમય ની જાણ કરતું રહેશે..અમારા બેડરૂમ માં ટહુકા કરતું રહેશે.. મમ્મી - પપ્પાની યાદ અપાવ્યા કરશે!

પણ...મારા ડ્રોઈંગ રૂમ ની દિવાલ પર તો ' ડિજિટલ કલોક ' એ પોતાનું સ્થાન જમાવી દિધેલ છે! ...અને આ પ્રકારની ઘડિયાળો એ તો પહેલેથીજ મૌન ધારણ કરી લીધું હોય છે!!

.." ઘડિયાળ સામે જોઇને શું ઊભા છો? હું ક્યારની તમને બોલાવું છું! આ ઘરની ચીજવસ્તુઓ નો પણ નિકાલ કરવો પડશે ને? ચાલો,બધું જોઈ લઈએ!"-- વીણા ના અવાજ થી હું ચોંકી ગયો..
" શું થયું?આંખ કેમ ભીની છે? પપ્પા ની યાદ આવી ગઈ ?"-- વીણા આગળ બોલી અને કંઇક કામ યાદ આવી જતા ફરી રૂમ માં ચાલી ગઈ!..




..." ડેડ,આ ઘડિયાળ નું દાદા ને કેટલું એટેચમેન્ટ હતું,નહીં? આને આપણે ઘેર લઈ જવી છે?"-- શૈલ મને પુછતો હતો!

" હા,બેટા..સ્યોર."-- ભારે અવાજે મેં જવાબ આપ્યો.


" ડેડ,આ ઘડિયાળને ફરી ચાલુ કરીને આપણે ડ્રોઈંગ રૂમમાં રાખશું..અને..ડિજિટલ ને તમારા રૂમ માં!"

પ્રદીપ એન. જોષીપુરા - જુનાગઢ

# ડાયાબિટીસના દર્દીઓ માટે આહાર / આચાર સંહિતા

આજે ઘેર ઘેર આ જટિલ રોગ પેધી ગયો છે, તે કદીય મટતો નથી. પ્રયત્નો કરીને હંગામી ધોરણે કાબૂમાં રાખી શકાય, બાકી તેની કોઈ ચોક્કસ દવા જ નથી, કારણ આ અસ્વસ્થ જીવનશૈલીનો રોગ છે. આહાર,વિહાર ને વિચાર સાથે સંકળાયેલ આ વ્યાધિ ઉધઈ જેવો અને ચોર વ્યાધિ છે. આ વ્યાધિ કરતાં તેના ઉપદ્રવો ખૂબ જ ભયાનક ને જીવલેણ છે. આ રોગને વકરાવવામાં આહાર મુખ્ય છે. એક તબીબે એક મજેદાર સંદેશ પ્રેરક વાક્ય બનાવ્યું છે..તમે જે કંઈ આરોગો છો તેના ઉપર આ રોગો થાય છે. આ વાત ડાયાબિટીસને પહેલી લાગુ પડે છે. ડાયાબિટીસનો દર્દી જીવન આખુંય શું ખાવું ને શું ના ખાવુંની ચિંતામાં ડૂબેલો રહે છે. આયુર્વેદે તો તેમાં પાળવાની પરેજ ની લાંબી યાદી આપી છે, પણ તેનાથી વૈજ્ઞાનિક અભિગમના હોવાથી સંતોષ થતો નથી, ત્યારે અતિ સમૃદ્ધ એલોપથી ના વિજ્ઞાને દરેક ખાદ્ય પદાર્થ ખાવાથી લોહીની સાકર કેટલી ઝડપથી વધે છે તેના આંકો આપેલા છે.તેને Glycoceleted Himoglobin GlyHb કહે છે. જે ખાદ્ય પદાર્થ નો અંક ૫૫ થી નીચે હોય તે છૂટથી ખાઈ શકાય. તેને Glycemic Index કહે છે. લોહીમાં સાકરના કેન્દ્રીકરણ પ્રમાણે એચબીના કણ સાથે સાકરના કણ જોડાય એટલે Glycocelated Hemoglobin બને. સામાન્ય હિમોગ્લોબીન ના કેટલા ટકા Gly Hb છે તે માપવામાં આવે. આશરે ૪ થી ૭% સારું ગણાય, તેનાથી હિમોગ્લોબીન કણની આશરે છ અઠવાડિયા ની જીંદગી દરમ્યાન સરેરાશ લોહીની સાકર નું કેટલું કેન્દ્રીકરણ છે તે ખબર પડે. જરૂર લાગે તો લોહીની સાકર માપવી પડે. ક્યો આહાર લોહીમાં સાકર કેટલી વધારી શકે તેનો ખ્યાલ આ Glycemic Index આપે છે.

૪૦ સુધી જીઆઈ વાળા ખાદ્ય પદાર્થો : લીલી શીંગો, તુવેર, સરગવો, ચોળી, ગુવાર, ફણસી, સોયાબીન,ચેરી,જવ,જરદાળુ, રાજમા,અખરોટ, કાચા કેળા,તુવેર,દેશી ચણા, કાબુલી ચણા, ક્રીમ વગરનું દૂધ, નાસપતિ, દહી, સફરજન, જામફળ, ટામેટા સૂપ,રોટલી, ખાખરા, ખારી સિંગ, સૂકા વટાણા,કઠોળ આ છૂટથી ખવાય




૪૧ થી ૫૫ જી આઈ વાળા ખાદ્યો ઓછા ખાવા : આખા ઘઉં,પીચ, નારંગી, મોસંબી, લીલી દ્રાક્ષ, સોયાબીન, મેક્રોની, પાઈનેપલ, લીલા ચણા, શક્કરિયા,ઓટ મિલ, આઈસ્ક્રીમ, ઈડલી, કેક, કેરી,ઓરેન્જ જ્યૂસ, મકાઈ લોટ,પોપ કોર્ન, ભાખરી, ખારી બિસ્કીટ, કેળાની વેફર, યોગર્ટ, દાળિયા, જાડો લોટ. ૫૬ થી ૬૫ અને ૬૫ થી ઉપરના જી આઈ વાળા ખાદ્ય પદાર્થો

આ સિવાય ના હોઇ શકે તેથી ના ખાવા.

પ૬ થી ૬પ જી આઈ વાળા ખાદ્ય પદાર્થો બહુ જ ઓછા ખાવા : પપૈયું, લાલ ચોખા,ઉગાડેલા મગ, પાકા કેળા, સૂકી દ્રાક્ષ, બીટ,ચોળા, તરબૂચ,ગળ્યા બિસ્કીટ, ચોકલેટ,સિરિયલ,પોટેટો ચિપ્સ,હાંડવો ,ઢોકળા,બટાકા પૌવા.

૬પ થી વધારે જી આઈ વાળા ખાદ્ય પદાર્થો બહુ જ ઓછા ખાવા : ઘઉં,બ્રેડ હોલવીટ, બટાકા,બ્રેડ સફેદ,બાજરી લોટ,ઉપમા,ઈડલી,કોર્ન ફ્લેક્સ,મધ,ચોખાસફેદ,ગાજર,ગ્લુકોઝ,ખારેક, પરોઠા, ગળ્યા અથાણાં,સફેદ ખાંડ,મકાઈ, ફાંટા,કોક, પીઝા ચીઝ,ઢોંસા, મેંદા નો જી આઈ ૭૦ થી ૮પ છે. ગોળનો જી આઈ ૮૪.૪ છે. તરબૂચનો ૭૬ છે. આમ ગૂગલ ઉપરથી સર્ચ કરીને આવા ઊંચા જી આઈ વાળા ખાદ્ય પદાર્થો ના ખાવાથી કે બહુ જ ઓછા ખાવાથી ડાયાબિટીસ દવાઓ વગર પણ કાબૂ માં રહી શકે છે.

એલોપથી એ time tested Evidence Based Science છે. તેનું આ જી આઈનું સંશોધન બહુ જ અકસીર અને પથદર્શક છે, જેથી શું ખાવું અને શું ના ખાવુંની અવઢવ માંથી દર્દીઓ બચી શકે. વખતો વખત લોહીની સાકરનું પરીક્ષણ તો કરાવતા જ રહેવું જોઈએ.

ડો. રાજેન્દ્ર કે. હાથી,આયુર્વેદ નિષ્ણાત - વડોદરા.

---

## અંબાજી રાત્રિપૂજા અલભ્ય લાભ.. અનેરો અનુભવ

સંપૂર્ણ આસ્થા, અતૂટ શ્રદ્ધા, અખુટ ધીરજ, સ્વયંમ શિસ્તનો સમન્વય એટલે અંબાજી રાત્રીપૂજા..કોઈજ શંકા કે પ્રશ્નો વગર તમે ત્યાં માથુ નમાવી દ્યો..બસ..

પ્રસાદ, ભાવસભર ગરબાની રમઝટમાં ચૈત્ર માસની અને એ પણ રાજસ્થાનની નજીકની ગરમીમાં કોઈજ અકળામણ વગર માનો થાળ પ્રસાદ બનાવવાનો દુર્લભ મોકો અને મા સમક્ષ પૂજાની અનુભૂતિ અવર્ણનીય રહી.

નિયમાનુસાર કામ કરવું અને કરાવવું તે બંને કપરાં છે ત્યારે આયોજનમાં નિમિત્ત જે તે સંસ્થાઓ અને તમામ સભ્યો ધન્યવાદના અધિકારી છે.

જેમાં ભાવિકોનો સહયોગ પણ મળે જ છે એ પણ ત્યાં પૂજાનો લાભ લેનારની યાદી- પુરાવો છે..

સ્વૈચ્છિક સેવા આપનાર સેવકો વધારવામાં આવે તો વધુ સ્વચ્છતાપૂર્વક, સુચારુ રૂપથી આયોજન થઈ શકે અને સેવા ટીમનું કામ થોડું હળવું થાય તેમ જણાયું.

હિતેક્ષા બુચ, રાજકોટ.


# કલ્પના અને વિચાર શક્તિનો ઉત્સવ એટલે પુસ્તક દિવસ

પુસ્તકોનું જીવનમાં મહત્વ પુસ્તક એ માનવ જાતના વિકાસમાં સૌથી મોટું યોગદાન આપતું સાધન છે, તે માત્ર જ્ઞાન પૂરું પાડે છે એટલું જ નહીં પરંતુ, ભાવનાઓ અનુભવો અને નવા વિચારો આપે છે. કોઈપણ વ્યક્તિ જ્યારે એક પુસ્તક ખોલે છે ત્યારે તે એક નવી દુનિયામાં પ્રવેશ કરે છે. જ્યાં કલ્પના અને જ્ઞાનનો સમૃદ્ધ ખજાનો મળે છે. જેમણે પુસ્તકોને જીવનના સ્થાન આપ્યું છે તેઓ સંવેદનશીલ વિચારશીલ અને આત્મ નિર્ભર બન્યા છે.

બે પૂંઠા વચ્ચેનો કાગળ ફેરવતા ફેરવતાં થતો આત્મા સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. જ્ઞાનનો ભંડાર એટલે પુસ્તક. પ્રગતિ અને એક અનેરી સમજનો મન-મગજ સાથેનો વ્યવહાર એટલે પુસ્તક.
માત્ર વિચાર કરીએ કે પુસ્તક વિનાની દુનિયા કેવી લાગતી હોત! કોઈપણ વાતની દિશા કે દશા હોત જ નહીં. જ્ઞાન મેળવવા માટે હંમેશા પુસ્તકની જરૂર રહી જ છે.

બે વર્ષના બાળકથી લઈને ઉંમરલાયક વ્યક્તિ પણ પોતાના જીવનમાં પુસ્તકોનો ઉપયોગ કરતા જ હોય છે, પછી એ પુસ્તક ગમે તે વિષયનું હોય એમાં અતિશયોક્તિને સ્થાન નથી. શાસ્ત્રોની વાત કરીએ તો જો પ્રાચીન કાળમાં પુસ્તકો ન લખાયાં હોત તો આજે રામાયણ, મહાભારત, શિવ પુરાણ, ભગવદ્ ગીતા કે ભાગવત જેવા ગ્રંથોનું દર્શન અને તેમાં વસેલા જ્ઞાનને જાણીને તેનો અમલ કરી જ ન શક્યા હોત.
જો લોકોની વાંચન ક્ષમતા ઘટતી જ હોય તો રોજ રોજ આટલા બધા પુસ્તકો બહાર પડવાની શી જરૂર? આંકડા દર્શાવે છે કે લોકો હજુ પણ વાંચનમાં રસ લઈ રહ્યા છે. દુનિયાના અગણિત પુસ્તકાલયો, થોક બંધ પુસ્તકો, પ્રસિદ્ધ લેખકો દ્વારા લખાયેલા વિવિધ પ્રકારના જેવા કે વાર્તા, નવલિકા, નાટક, કવિતા, હાસ્યરસ કે વિવેચનનાં પુસ્તકો હજુ પણ વિશ્વમાં રહેલા પુસ્તક પ્રેમી લોકો દ્વારા વંચાઈ રહ્યા છે.

આજના બાળકો યુવાનો એ વાંચન પર ધ્યાન કેન્દ્રિત કરવાની ઘણી જરૂર છે. તમારા અભ્યાસકાળ કે જ્ઞાન પ્રાપ્તિ માટે વિશેષ સમય લાઇબ્રેરીમાં પસાર કરવો જોઈએ. લાઇબ્રેરી અને જ્ઞાન એક સિક્કાની બે બાજુ છે. કોઈ મોટા તત્વચિંતક, સાહિત્યકાર, ધાર્મિક વિષયો બાબતોના વિવેચકો આપણને કંઈક ને કંઈક નવું આપવા માટે વાંચન અનિવાર્ય બનાવે છે. જેને કારણે જ તેઓનું મહત્વ જળવાઈ રહે છે.




વાંચનના ફાયદા : ૬ મિનિટ વાંચવાથી ૬૮% ઘટે છે. દરરોજ ૨૦ મિનિટ વાંચવાથી નવા અગણિત શબ્દો જાણશો. પુસ્તક વાંચનથી તણાવ ઘટે છે અને ઊંઘ સારી આવે છે. સંવેદના પ્રબળ બને છે એટલે જ વાંચન કરનારનું આયુષ્ય એક રિસર્ચ મુજબ સામાન્ય લોકો કરતા

૨૦ ટકા વધુ રહે છે. પુસ્તક વાંચવાથી મગજ સતેજ રહે છે અને યાદશક્તિ તે જ થાય છે. દુનિયામાં દરેક સફળ લોકો પુસ્તકો વાંચવાનું પસંદ કરે છે, જેમ કે બિલ ગેટ્સ દર વર્ષે ૫૦ પુસ્તકો વાંચે છે વોરેન બફેટ રોજના પાંચ થી છ કલાક વાંચે છે ઓબામા દર વર્ષે પોતાના મનપસંદ પુસ્તકો નું લિસ્ટ શેર કરે છે. આ મહાન હસ્તીઓને પુસ્તકોએ જ સફળતાના શિખર સુધી પહોંચાડી છે.


પુસ્તક વાંચનનો શોખ હશે તે વ્યક્તિ ક્યારેય હિંમત નહિ હારે, જે વ્યક્તિ મનથી હારે છે તેનું તન નબળું પડે છે, માટે વાંચન એ જ જીવન જીવવાની જડીબુટ્ટી છે.આ દેશને બચાવવા માટે પ્રત્યેક વ્યક્તિને પુસ્તક જ બચાવી શકશે, માટે પરિસ્થિતિ ગમે તેવી ખરાબ હોય પુસ્તક વાંચન શોખ હશે તો તે ક્યારેય પણ હિંમત નહીં હારે.

આપણા ક્રાંતિકારીઓજોઈએ તો ગાંધીજીમાં પુસ્તક 'અન ટુ ધી લાસ્ટ' નામના પુસ્તકના અભ્યાસથી પોતાની જિંદગીમાં સંપૂર્ણ પરિવર્તન આવ્યું અને ભારતના રાષ્ટ્રપિતા કહેવાયા. આપણા બંધારણના ઘડવૈયા પૂજ્ય બાબા સાહેબ આંબેડકરને વાંચવાનો ખૂબ જ શોખ હતો, પોતાની અડધી જિંદગી લાઇબ્રેરી માં જ પસાર કરી. સ્વામી વિવેકાનંદને પણ વાંચવાનો એવો જ શોખ હતો. તેઓની યાદશક્તિ ખૂબ જ તીવ્ર હતી, એ પુસ્તકનું વાંચન કર્યા પછી ગમે તે સંદર્ભે પૂછો તો પાના નંબર સહિત માહિતી આપતા. વિશ્વમાં હિન્દુ સમાજનું ગૌરવ સ્વામી વિવેકાનંદજીએ અપાવ્યું.

વિશ્વ પુસ્તક દિવસનો મુખ્ય હેતુ વાંચન પ્રકાશન અને બૌદ્ધિક સંપત્તિ અધિકારના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવાનો છે. પુસ્તકો પ્રત્યેનો પ્રેમ વિકસાવવો, પુસ્તકો અને લેખકોનું સન્માન જાળવવું, દરેક વયના લોકોમાં સાહિત્ય અને જ્ઞાન પ્રત્યે રુચિ જગાવવી વગેરે ઉદ્દેશો છે.

આજે જ્યારે વિશ્વમાં ડિજિટલ યુગ ચાલી રહ્યો છે અને ટીવી ને સોશિયલ મીડિયા દ્વારા આતંકવાદ, હિંસા, મોત, કુટુંબ પતન વગેરે કાર્યક્રમો દ્વારા હિન્દુ સંસ્કૃતિનું અધઃપતન પતન થઈ રહ્યું છે ત્યારે, પુસ્તક દ્વારા સમાજનું પરિવર્તન કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.પૂ. રત્ની સુંદર વિજય મહારાજ તેમના ૪૦૦થી વધુ પુસ્તકો દ્વારા સમાજમાં જબરુ પરિવર્તન લાવવાના સુંદર પ્રયાસ કરી રહ્યા છે.

આજના સમયમાં ઈ બુક્સ, ઓનલાઈન પુસ્તકો મેળવવા આસાન થઈ ગયા છે વળી કોઈ પણ પુસ્તક ઘડીના છઠ્ઠા ભાગમાં મેળવીને વાંચી શકો છો. આપણે ભલે ૨૧મી સદીનીના કોમ્પ્યુટર યુગમાં જીવીએ પરંતુ સાથોસાથ જ્ઞાન મેળવવા માટે હંમેશા પુસ્તકો જ મહાન રહેશે.પુસ્તક એ મિત્રતા, પવિત્રતા, ચરિત્રતાનો ત્રિવેણી સંગમ છે.




ડાકોરભાઈ ત્રિવેદી- રાજકોટ.

## ABM TRAVELS

Discover your choice of destination in 2025,we will make customized tour plan as per your requirement with choice of selected hotels/resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays.

Shimla /Manali /Dalhousie /
Dharamshala Amritsar /VaishnoDevi
Ladakh /kashmir /Nainital /Corbet/
Mussoorie /Darjeeling Gangtok/ Ooty /Coorg
Kodaikanal kerala/ Lakshadweep
Andaman/ Guwahati/ Shilong /Kaziranga
Rajasthan/ MP /Goa south India /
Nepal/ Dubai /Singapor/
Thailand /Malaysia/ Bali /
Maldives/ Mauritius/ Vietnam/
Religious places and many more.

**Avinash Mehta - 9820817318**
abmtravels@gmail.com



**ચાય બગ્સ કાફે**
**વડોદરા ખાતે અંજારિયા પરિવારનું સાહસ.**
**શુધ્ધ અને સાત્વિક..**
**ભારતીય - મેક્સિકન - ઇટાલિયન - ચાઈનીઝ - કવોન્ટિનેન્ટલ**
**જેવી વિવિધ વાનગીઓનો આસ્વાદ માણવા "ચાય બગ્સ કાફે એન્ડ રેસ્ટ્રો" ની એકવાર અવશ્ય મુલાકાત લ્યો..**
**વિમલનાથ કોમ્પ્લેક્સ,**
**SBI ઇલોરા પાર્ક બ્રાન્ચ પાસે,**
**હાઈટેન્શન રોડ, સુભાનપુરા, વડોદરા.**
**મો. ૯૪૦૮૭૩૩૪૫૩**





**બદરુભાઈ :** અરે દાઉદભાઈ, તમે વળી ચોર બજારમાં જરી પુરાણો માલ વહેંચતાં પ્રદર્શનો કયાંથી ભરવા લાગ્યા...?

**દાઉદભાઇ :** શું કરું ! ચોર બજારની દુકાનમાં વરસોથી જૂનો માલ ધૂડ ખાતો પડ્યો હતો પણ હવે મુંબઇમાં આવાં જાત જાતનાં પ્રદર્શનો ભરાય છે તે જોઈને મેં પણ જૂના સામાનને સાફ કરીને કલાત્મક રીતે ગોઠવીને તેનું પ્રદર્શન ભર્યું. હવે તમે માનશો, આ પુરાતત્વની વસ્તુઓ આધુનિક સજાવટ માટે દેશના તો શું પણ પરદેશના સહેલાણીઓ પણ મોટી કીંમતે ખરીદી જાય છે!

કાર્ટૂનિસ્ટ : રમેશ બૂચ


**નારાયણબલી તથા માતૃશ્રાદ્ધ માટે**
**નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુક્લ**
**ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,**
**સિદ્ધપુર(પાટણ)**
**ફોન : ૦૨૭૬૭–૨૨૧૯૩૫**
**મો. ૯૮૨૪૩૧૧૬૦૯/૯૪૨૮૫૫૩૧૨૬**


કુરિયર/ટપાલમાં નીચેના સરનામે આ મેગેઝીન ડિલીવર ન થાય તો ફાઈન આર્ટ /IBiz, કોટેચાનગર મેઈન રોડ,કોટેચા સ્કૂલ બિલ્ડીગ, રાજકોટના સરનામે પાછું મોકલશો.

**BOOK POST**


તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.